# આપણી વાત



■ સંકલન : પ્રફુલ્લ રાવલ

## અભિનંદન

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિરના કાર્યકારી નિયામક શ્રી પારુલ કંદર્પ દેસાઈના માર્ગદર્શન હેઠળ શ્રી મુક્તિ પંચાલે 'બે નિબંધકારો : સુરેશ જોષી અને ભોળાભાઈ પટેલ (ગુજરાતી લલિતનિબંધ અને પ્રવાસનિબંધના સંદર્ભમાં)' વિષય પર મહાનિબંધ લખીને પીએચ. ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. તેમ જ ક. લા. સ્વાધ્યાયમંદિરના પૂર્વનિયામક શ્રી રમેશ ર. દવેના માર્ગદર્શન હેઠળ શ્રી કનુભાઈ ટી. ખડદિયાએ 'અનુઆધુનિક ગુજરાતી ટૂંકીવાર્તા : પાંચ વાર્તાકારોના ખાસ સંદર્ભે' (હિમાંશી શેલત, મોહન પરમાર, માય ડિયર જ્યુ, કિરીટ દૂધાત અને અજિત ઠાકોર) વિષય પર મહાનિબંધ લખીને પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. બંનેને અભિનંદન.

## ભાષાસજ્જતા અભ્યાસક્રમ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત કલા સ્વાધ્યાય મંદિર અને માતૃભાષા સંવર્ધન કેન્દ્રના ઉપક્રમે ચાલતા 'ભાષાસજ્જતા પ્રમાણપત્ર અભ્યાસક્રમ'નું ઉમિયા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ ફોર ગર્લ્સ, અમદાવાદ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૯-૧-૨૦૧૬થી તા. ૩૦-૧-૨૦૧૬ સુધી ચાલેલા આ ૧૦ દિવસીય અભ્યાસક્રમમાં ગુજરાતીની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગુજરાતી ભાષા વ્યાકરણને કેન્દ્રમાં રાખીને ભાષાકૌશલો, અનુસ્વાર, જોડણી, વિરામચિહ્નો, શબ્દઘડતર, વ્યાક્ય રચના અને વાક્યના પ્રકારો, લેખનપદ્ધતિ જેવા વિષયો ઉપર વિવિધ વિદ્વાનોએ વક્તવ્યો આપ્યાં હતાં. ૧૯ તા. ઉદ્‌ઘાટન બેઠકમાં શ્રી પ્રફુલ્લ રાવલે પરિષદ પ્રવૃત્તિઓનો પરિચય, શ્રી રતિલાલ બોરીસાગરે માતૃભાષાનું મહત્ત્વ, શ્રી પારુલ કંર્દપ દેસાઈએ અભ્યાસક્રમની ભૂમિકા આપી હતી. તેમ જ કૉલેજના આચાર્યશ્રી સંગીતાબહેન ઘાટેએ કૉલેજમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ વિષે માહિતી આપી. પુસ્તક દ્વારા મહેમાનોનું સ્વાગત કર્યું હતું. ગુજરાતી વિભાગના અધ્યક્ષ શ્રી ગાયત્રીબહેન પટેલ સર્વેનો આભાર માન્યો હતો. ટ્રસ્ટના મહામંત્રીશ્રી દામોદરભાઈ પટેલ તેમજ મંત્રીશ્રી ચંદુભાઈની હાજરી પ્રોત્સાહક રહી હતી. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન

ગુજરાતી અધ્યાપક શ્રી અજય રાવલે કર્યું હતું.

## સાહિત્યવૃત્ત

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સ્થાપના દિવસે તા. ૨-૧-૨૦૧૫ના રોજ શ્રી અમર ભટ્ટે કાર્યક્રમની શરૂઆતમાં જ્હોન કાર્ડિનલ ન્યૂમેનની રચના જેનો ગુજરાતી અનુવાદ શ્રી નરસિંહરાવ દિવેટિયાએ કર્યો છે તે 'પ્રેમળ જ્યોતિ તારો દાખવી, મુજ જીવન પંથ ઉજાળ'નું ગાન કર્યું હતું. તેમ જ રામદાસજીનું કાવ્ય, તુકારામના અભંગ, કવિ ઝો એ એકીન્સ એની રચના, રાહત ઇન્દોરીની રચનાઓ અને ઉમ્મર ખયામની રુબાઈઓ પ્રસ્તુત કરી.

શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત ગુજરાતી સાહિત્યના જાણીતા નવલકથાકાર, વાર્તાસર્જક, નિબંધકાર શ્રી વીનેશ અંતાણીએ 'મારા અનુભવો, મારું સર્જન' વિશે વાત કરી હતી.



## સમજ્યા

**સૂરજ આ અમથું ઊગ્યો ને અમથું ખીલ્યું ફૂલ....સમજ્યા.**
**અમથું છે આ ઝાકળટીપું, અમથી ઊડી શૂલ...સમજ્યા.**

**અમથું આ પંખી બોલે છે, અમથું ઊડે કાગ...સમજ્યા.**
**અમથું આ એકલતા જેવું. અમથો ખીલ્યો બાગ...સમજ્યા.**

**અમથા આ શબ્જો જાગે છે, અમથો એનો અર્થ...સમજ્યા.**
**અમથી અમથી કરું કવિતા, અમથો બધો અનર્થ...સમજ્યા.**

**તેમ છતાં આ અમથું ના કંઈ, અમથો થતો સવાલ...સમજ્યા.**
**ઉપર નીચે, નાના મોટા, ફરકે અમથા ખ્યાલ...સમજ્યા.**

**કાગળનો ડૂચો છે અમથો, અમથો આ ઘોંઘાટ...સમજ્યા.**
**અમથા અમથા તારા ઊહે, અમથી સળગે વાટ...સમજ્યા.**

**અમથી અમથી શરૂ થઈ છે, અમથો એનો અંત...સમજ્યા.**
**અમથું અમથું સમજ્યો જે કંઈ, અમથો બાધું તંત...સમજ્યા.**

('બૂમ કાગળમાં કોશ'માંથી) **લાભશંકર ઠાકર**

લાભશંકર જાદવજી ઠાકર (૧૪-૧-૧૯૩૫ થી ૬-૧-૨૦૧૬)